# અમદાવાદ-વડોદરામાં કોરોનાનો હાહાકાર

## ગુજરાતમાં કુલ કેસોની સંખ્યા ૩૭૮ : વડોદરાનો નાગરવાડા રેડ ઝોન
## અમદાવાદમાં વધુ ૪૪ કેસ : ગાંધીનગરમાં એક વ્યક્તિનુ મોત

ગાંધીનગર, તા.૧૦
ગુજરાતમાં કોરોના કેસોનો આંકડો હવે અતિઝડપથી વધી રહ્યો છે. આજે કેસોની સંખ્યા વધીને ૩૭૮ પર પહોંચી ગઈ હતી. હજુ પણ ત્રણ દર્દીઓ વેન્ટીલેટર પર છે જ્યારે ૩૨૩ દર્દીઓ સ્થિર સ્થિતિમાં છે. ૩૩ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે. ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૧૯ ઉપર પહોંચી ચુક્યો છે. આજે અમદાવાદમાં ૪૪, વડોદરામાં ૨૦, ભરુચમાં ત્રણ, સુરતમાં ત્રણ કેસો સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ કુલ ૭૦ નવા કેસો સપાટી ઉપર આવ્યા હતા.

જેથી કેસોની સંખ્યા ઝડપથી વધીને ૩૭૮ ઉપર પહોંચી છે. દેશના જુદા જુદા રાજ્યોમાં વધી રહેલા કેસની સાથે જ હવે ગુજરાતમાં પણ કેસોની સંખ્યામાં ઝડપી વધારો થઇ રહ્યો છે. ક્વોરનટાઈન ફેસિલીટીની વાત કરવામાં આવે તો ૧૧૦૧૫ જેટલા લોકો હોમ ક્વોરનટાઈનમાં છે જ્યારે ૧૧૭૦ લોકો સરકારી ક્વોરનટાઈન હેઠળ છે. આજે વડોદરામાં નાગરવાડા વિસ્તારને રેડ ઝોન જાહેર કરીને પગલા લેવામાં આવી રહ્યા છે. રાજ્યમા હવે કોરોનાનો કાળો કરે ખતરનાક અને સાચા અર્થમાં ચિંતાજનક બની રહ્યો છે. કારણ કે, જે પ્રમાણે અને ઝડપે સતત કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં રાજયમાં કોરોનાનો કહેર ભયંકર અને ભયાવહ બની શકે છે.

સતત વધી રહેલા કેસો અંગે આરોગ્ય અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ જણાવ્યું છે કે હોટસ્પોટ અને ક્લસ્ટર કરવામાં આવેલા વિસ્તારોમાં સઘન ચેકિંગ અને ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેના કારણે કેસોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. ટેસ્ટિંગ વધારી દેવાથી આ વિસ્તારોમાં પોઝિટિવ કેસો વધી રહ્યાં છે અને આગામી કેટલાક દિવસોમાં પણ વધારે કેસો બહાર આવી શકે છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાના કેસોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે.

રાજ્યમાં સૌથી પ્રભાવિત વિસ્તાર અમદાવાદ છે. આ ઉપરાંત સુરતમાં પણ કેસોની સંખ્યામાં ઝડપી વધારો થતાં સંખ્યા વધીને ૨૭ ઉપર પહોંચી છે. ગુજરાતની કંપનીઓ કેડિલા હેલ્થકેર, મંગલમ ડ્રગ્સ અને વાઈટલ લેબોરેટરી એક મહિનામાં ૨૫ ટન દવાઓનો જથ્થો બનાવવા માટે તૈયાર છે. ડ્રોનમાં સ્પીકર લગાવીને લોકોને સંદેશો આપવા માટે નવો પ્રયોગ કરવામાં આવ્યો છે. કોરોના-૧૯ની કામગીરી સંભળતા રાજ્ય સરકારના કોઈપણ કર્મચારીનું કોરોના ચેપના લીધે મૃત્યુ થશે તો કર્મચારીના પરિવારને ૨૫ લાખ રૂપિયાની સહાયતા કરવામાં આવશે.

કોરોના અને લોકડાઉનની સ્થિતિમાં ગુજરાતમાં હજુ સુધી ૪૦ લાખ કરતા વધુ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાનનિધિ યોજના હેઠળ દરેક ખેડૂતના ખાતામાં જંગી રકમ જમા કરવામાં આવી છે. અમદાવાદ, ભાવનગર, વડોદરા અને સુરતના કેટલાક ક્ષેત્રોમાં કોરોનાના કેસો વધતાં ગુજરાત સરકારે આજે નિર્ણય લીધો હતો કે, આ ચાર શહેરોના ૧૫ ક્ષેત્રોમાં કોરોનાને રોકવા માટે સામૂહિક અટકાયત રણનીતિ હેઠળ ખાસ કાર્યયોજના બનાવીને ઉપાય કરવામાં આવી રહ્યા છે. આ કાર્યયોજના હેઠળ આ ક્ષેત્રોમાં પૂર્ણરીતે લોકડાઉન કરવામાં આવી શકે છે. ૧૪ ક્ષેત્રોમાં અમદાવાદના આઠ, સુરતના ત્રણ, ક્ષેત્ર છે. ગુજરાતમાં કોરોનાના કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. હજુ સુધી અમદાવાદમાં કેસો વધારે છે.

ગુજરાતમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. લેબોરેટરી પરીક્ષણની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૫૫૯ ટેસ્ટ કરાયા છે જે પૈકી ૧૧૬ કેસ પોઝિટિવ આવ્યા છે જ્યારે ૧૩૦૦ કેસ નેગેટિવ આવ્યા છે. હજુ સુધી ૭૭૧૮ લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યા છે જે પૈકી ૩૭૮ કેસ પોઝિટિવ આવ્યા છે.

સરકારી હોસ્પિટલમાં ક્વોરનટાઈન રહેલા લોકોની સંખ્યા ૧૧૭૦ જેટલી રહેલી છે. પ્રાઈવેટ ફેસિલિટીમાં ક્વોરનટાઈન રહેલા લોકોની સંખ્યા ૧૬૭ રહેલી છે. જ્યારે રાજ્યભરમાં કુલ ક્વોરનટાઈન કરાયેલા લોકોની સંખ્યા ૧૨૩૫૨ રહેલી છે. કોરોનાને રોકવા માટે રાજ્ય સ્તર પર પગલા લેવામાં આવી રહ્યા છે છતાં કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. વિશ્વના દેશોમાં મોતનો આંકડો અતિ ઝડપથી વધી રહ્યો છે. ભારતમાં પણ કેસોની સંખ્યાનો આંકડો ૭૦૦૦થી નજીક પહોંચી ચુક્યો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ ૧૯૭ | વડોદરા ૫૯ | સુરત ૨૭ | રાજકોટ ૧૮ | ગાંધીનગર ૧૪ | ભાવનગર ૨૨ |
| ગીરસોમનાથ ૦૨ | પોરબંદર ૦૩ | મહેસાણા ૦૨ | પાટણ ૧૪ | કચ્છ ૦૪ | છોટાઉદેપુર ૦૨ |
| પંચમહાલ ૦૨ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૧ | આણંદ ૦૨ | ભરૂચ ૦૭ |

## હિંમતનગરની જિલ્લા પંચાયત કચેરી બહાર સેનીટાઈઝેશન મશીન મુકાયુ

**તાલુકા પંચાયતના સદસ્ય દ્વારા કોઠાસુઝ અપનાવીને સેનીટાઇઝન મશીન બનાવ્યુ : આધુનીક ટેકનીકનો ઉપયોગ કરી માત્ર રૂ. ૧નો ખર્ચ કરી પ્રત્યેક વ્યકિતનું સેનીટાઇઝેશન કરી શકાશે**

હિંમતનગર, તા. ૧૦
સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસનો ભય ફેલાયો છે, ત્યારે હિંમતનગરમાં પણ એક પોઝેટીવ કેસ જોવા મળતા તંત્ર હરકતમાં આવી ગયુ છે. હિંમતનગર ખાતે આવેલી નવી જિલ્લા પંચાયત કચેરીમાં અધિકારીઓ અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં આવજા કરતા હોય છે ત્યારે કોરોના વાયરસની બિમારી અટકાવવા માટે તાલુકા પંચાયત સદસ્ય દ્વારા કોઠાસુઝ અપનાવીને




આગવી શૈલીનું સેનીટાઈઝેશન મશીન બનાવીને જિલ્લા પંચાયત કચેરી બહાર મુકવામાં આવ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારી ડૉ.રાજેન્દ્ર પટેલ દ્વારા વિધીવત રીતે સેનીટાઈઝેશન મશીનનું લોકાપર્ણ કરવામાં આવ્યુ છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરમાં પણ કોરોના પોઝેટીવ દર્દી આવતા તંત્ર પણ હરકતમાં આવી ગયુ છે. ત્યારે કાટવાડ નજીક બાયપાસ રોડ પર આવેલી નવી જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ પણ કોરોના વાયરસના ભય વચ્ચે પોતાની ફરજ બજાવી રહ્યા છે. ત્યારે આવા અધિકારીઓ અને કર્મચારીઓની તંદુરસ્તીની ચિંતા કરી તાલુકા પંચાયતના સક્રીય સદસ્ય અને પર્વ કારોબારી ચેરમેન અમિતભાઈ પટેલે પોતાની આગવી કોઠાસુઝ અપનાવીને સેનીટાઈઝેશન મશીન બનાવીને જિલ્લા પંચાયતને ભેટ અપર્ણ કર્યુ છે.

આ અંગે વધુ માહિતી આપતા તાલુકા પંચાયત સદસ્ય અમિતભાઈ પટેલે જણાવ્યુ હતું કે સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત આરોગ્ય અધિકારી સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ તથા કર્મચારીઓ દિવસ-રાત ફરજ બજાવે છે ત્યારે કોરોના વાયરસની મહામારીથી કેવી રીતે તેમનુ રક્ષણ કરી શકાય તેની ચિંતા થવા લાગી હતી. મુંબઈ સ્થિત અલ્પેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એકસીસ વાય કંપનીના સહયોગથી નવી ટેકનોલોજી દ્વારા સેનીટાઈઝેશન મશીન બનાવવાની બીડુ ઝડપી લઈ માત્ર ૪૮ કલાકના સમયમાં આ નવુ મશીન બનાવીને જિલ્લા પંચાયત કચેરી બહાર મુકવામાં આવ્યુ છે. માત્ર રૂપિયા ૧ના ખર્ચમાં પ્રત્યેક વ્યકિતનુ સેનીટાઈઝેશન કરવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકાર ડૉ. રાજેશ પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેન્દ્ર પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.જયેશ સોલંકી, એપેડેમીક ઈન્ચાર્જ ડૉ. ચિરાગ મોદી, જિલ્લા વિકાસ અધિકારીના પીએ પિયુષભાઈ જોષી સહિત અન્ય કર્મચારીઓની ઉપસ્થિતિમાં શુક્રવારે જિલ્લા પંચાયત કચેરી બહાર સેનીટાઈઝેશન મશીન મુકવામાં આવ્યુ હતું. દરરોજ જિલ્લા પંચાયતની મુલાકાત લેતા અરજદારો, કર્મચારીઓ, અધિકારીઓ તથા પદાધિકારીઓ આ સેનીટાઈઝેશન મશીનમાંથી પસાર થઈને કોરોના વાયરસથી મુકત થઈ જશે અને કોરોના વાયરસની મહામારીને અટકાવવામાં આ સેનીટાઈઝેશન મશીન ખુબજ ઉપયોગી બનશે. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ પ્રિયવદન પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન જયેશભાઈ પટેલ સહિત અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



### વન વિભાગના દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરાયું, દિપડાને બચાવાયો

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના આશ્રમ પાસે ધોલવાણી રેન્જના આર.એફ.ઓ- જે.આર. વાઘેલા અને તેમની ટીમ તાબડતોડ ધોલવાણી સ્થળ પર પહોંચી કુવામાં દીપડો જોતા વન વિભાગ દ્વારા દીપડાએ બચાવાનો સફળ પ્રયાસ કરી કુંવામા આડશ પર બેસી ગયો હતો. કુવામાં રહેલા દીપડાને નેટ મારફતે રેસક્યું કરવામાં આવ્યો હતો. સઘન પ્રયાસ કરતા દિપડો બહાર નિકળી આવ્યો હતો.

## મોડાસામાં કોન્ટ્રાક્ટર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧૧ હજારનો ચેક અર્પણ

મોડાસા, તા. ૧૦
કોરોના નામની મહામારીએ સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવી દીધેલ છે જેની સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસ માટે સમગ્ર દેશને લોકડાઉન કરેલ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા વ્યકિતગત રીતે દેશ-દુનિયાના લોકો કોરોના વાયરસની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લામને મદદ કરી રહ્યા છે. ત્યારે મોડાસા શહેરમાં સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલ કોન્ટ્રાકટર વિનોદ પટેલે જન્મદિવસે મુખ્યમંત્રી રાહતફંડમાં ૧૧ હજારનો ચેક જમા કરાવી અનોખી ઉજવણી કરી હતી.

મોડાસા શહેરમાં સેવાકીય અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા વિનોદ આર. પટેલે કોરોના મહામારી વચ્ચે જન્મદિવસની અનોખી ઉજવણી કરવાનો નિર્ણય કરી અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા અને આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માને કોરોના સામે જંગ લડી રહેલ રાજ્યસરકારના મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧૧ હજાર રૂપિયાનો ચેક જમા કરાવ્યો હતો.



## મોડાસામાં કોવીડ હોસ્પિટલમાં ૭૫ વર્ષીય શંકાસ્પદ કોરોના દર્દીનું મોત

**૭૫ વર્ષીય મહિલા દર્દી માલપુર બગીચા વિસ્તારના આરોગ્ય તંત્રેએ અંતિમવિધિમાં તકેદારી રાખી**

મોડાસા, તા. ૧૦
રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૩૦૮ થઈ ગઈ છે. કોરોના ૧૯ લોકોને ભરખી ગયો છે, અરવલ્લીમાં ૩૦ કોરોનાના શંકાસ્પદ લક્ષણો દેખાતા દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. તમામ દર્દીઓના કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. અરવલ્લી જીલ્લામાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલને કોવીડ હોસ્પિટલ જાહેર કરવામાં આવી છે, કોવીડ હોસ્પિટલમાં માલપુરના બગીચા વિસ્તારમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધાને ન્યુમોનિયાની સારવાર દરમિયાન કોરોનના શંકાસ્પદ લક્ષણો જણાતા દર્દીના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાયા છે, ત્યારે રિપોર્ટ આવેલ તે પહેલા શંકાસ્પદ કોરોનના લક્ષણો ધરાવતા દર્દીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. આરોગ્ય વિભાગે તકેદારીના ભાગરૂપે કોવીડ હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા મોડાસા સ્મશાન ગૃહમાં અંતિમવિધિ કરવાની તૈયારીઓ હાથ ધરી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી. આરોગ્ય વિભાગે માલપુર બગીચા વિસ્તારમાં સૅનેટાઈઝિંગની કામગીરી હાથ ધરી હતી.

સાબરકાંઠામાં કોરોના વાઈરસે દસ્તક દેતા આરોગ્ય કર્મચારીને કોરોના પોઝેટીવ આવતા અરવલ્લી જીલ્લામાં વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ અને પોલીસતંત્ર કોરોનાના સંક્રમણને રોકવા માટે ખડેપગે કામગીરી કરી રહ્યું છે હજુ સુધી જીલ્લામાં એકપણ દર્દી કોરોના પોઝેટીવ દર્દી નથી એ તંત્ર અને જિલ્લાવાસીઓ માટે રાહતનો શ્વાસ છે ત્યારે શંકાસ્પદ કોરોનાના લક્ષણો ધરાવતા ૭૫ વર્ષીય મહિલાનું મોત નિપજતા લોકોમાં ભય ફેલાયો છે.

માલપુરના બગીચા વિસ્તારમાં રહેતા ૭૫ વર્ષીય મહિલાને તાવ-શરદી, ખાંસી અને તાવના લક્ષણો જણાતા મોડાસા શહેરની કોવીડ (સાર્વજનિક) હોસ્પિટલમાં સારવાર ચાલતી હોવાછતાં દર્દીની તબિયતમાં સુધારો ન જણાતા આરોગ્ય તંત્રે શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા મહિલા દર્દીના સેમ્પલ લીધા હતા અને સેમ્પલ લીધાના ગણતરીના કલાકોમાં દર્દીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. આરોગ્ય વિભાગે મૃતકનો કોરોનાનો રિપોર્ટ બાકી હોવાથી મોડાસા સ્મશાન ગૃહમાં મૃતકની અંતિમવિધિ કરવાનો નિર્ણય લઈ સરકારની ગાઈડલાઈન મુજબ અંતિમવિધિ કરવામાં આવતા લોકોમાં ભય સાથે ફફડાટ ફેલાયો છે. મૃતકના પરિવારજનોનું પણ



સ્ક્રીનિંગની કામગીરી સાથે માલપુરના બગીચા વિસ્તારમાં સૅનેટાઈઝિંગની કામગીરી હાથ ધરી છે.

શંકાસ્પદ કોરોનાના લક્ષણો ધરાવતા ૭૫ વર્ષીય માલપુરના વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નિપજતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી છે જયારે માલપુર નગર સહીત જીલ્લાના લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે, વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ અને લોકોની નજર હવે ૭૫ વર્ષીય મહિલાના કોરોનાના રિપોર્ટ પર લાગી છે.

### રૂઆબી મિજાજ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અધિકારીઓની આ હરકતથી સામાન્ય નાગરિકો ૫ માનસ પર વિપરિત અસર પડે છે. ગાંધીનગર સતત વી આઈ પી મિજાજમાં રહેતા અને આ પ્રકારની માનસિકતા ધરાવતા અધિકારીઓ સહીતના કહેવાતા વી આઈ પી ઓ એ ચોકક્સ તેમના માઈન્ડ સેટ સુધારી સાચા અર્થમાં શિક્ષિત બનવાની જરૂર હોવાનુ પણ આમ નાગરિકોમાં ચર્ચા સ્થાને છે. મહામારીના આ સંજોગોમાં આમ નાગરિકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવે છે. ત્યારે આવા કપરા સંજોગોમાં ફરજ નિષ્ઠા દાખવતા પોલીસના અધિકારીઓ સાથે અફસરી મિજાજ દાખવનારા સામે પણ આકરા પગલા લેવાય તે પણ જનહીતમાં છે.

### ...તો ભારતમાં...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દેશમાં ૧૫મી એપ્રિલ સુધી ૮ લાખ ૨૦ હજાર જેટલા લોકો અસરગ્રસ્ત થયા હોત જ્યારે દેશમાં મૃતકોની સંખ્યામાં પણ અનેકગણો વધારો થયો હોત. ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ કહ્યું છે કે, ભારતે યોગ્ય સમયે યોગ્ય પગલા લઈને મોટી આફતને સહેજમાં ટાળવામાં મહત્વની ભૂમિકા અદા કરી છે. અમેરિકા અને ઈટાલી જેવા દેશોના ઉદાસીન વલણના કારણે આજે આ દેશમાં સ્થિતિ બેકાબૂ થઈ ચુકી છે. આઈસીએમઆરના અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં દરેક અસરગ્રસ્ત વ્યક્તિ એક મહિનામાં ૪૦૬ લોકોમાં વાયરસ ફેલાવી શક્યો હોત જ્યારે લોકડાઉન બાદથી એક અસરગ્રસ્ત વ્યક્તિ માત્ર ૨.૫ લોકોને જ અસરગ્રસ્ત કરી રહ્યો છે. આ રિપોર્ટના આંકડા વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) વિકાસ સ્વરુપે વિદેશી પત્રકારોની સમક્ષ રજૂ કર્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં લોકડાઉન બાદથી ઈન્ફેક્શન ફેલાવવાની ગતિ ઓછી રહી છે. લંડન ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સ્ટ્રેટેજી ઈન્ડેક્સમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતે કોરોના વાયરસને ફેલાતા રોકવા માટે સૌથી મોટા પગલા લીધા છે. અમેરિકા અને બ્રિટન જેવા દેશો આ કામ કરી શક્યા નથી.

### ષડયંત્ર...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુબાનીએ કહ્યું છે કે, તમામ પાસાઓ ઉપર તપાસ ચાલી રહી છે. ગૃહ મંત્રાલયને પણ જાણ કરવામાં આવી છે. કોઈને પણ પ્રવેશની તક અપાશે નહીં. મામલો નેપાળમાં છે પરંતુ અમે પોતાના અધિકારીઓને એલર્ટ કરી દીધા છે. હજુ સુધી જે સૂચના મળી છે તે મુજબ શંકાસ્પદો હજુ સુધી ઘુસી શક્યા નથી પરંતુ ઘુસવાની ફિરાકમાં છે. બિહારમાં નેપાળથી ૪૦ જેટલા કોરોના અસરગ્રસ્તોને ઘુસાડવાના અહેવાલ આવતા તાંત્રમાં ખળભળાટ મચી ગયો છે અને વિવિધ પગલા સરહદ પર લેવાઈ રહ્યા છે.

### સ્થિતિ નથી...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરવામાં આવ્યા હતા જે પૈકી ૨ ટકા કેસ જ પોઝિટિવ આવ્યા છે. એટલે કે ઈન્ફેક્શનનો દર ખુબ વધારે નથી. કોરોનાના કેસોમાં જે મામલા છે તે પૈકી ૧૯૯થી વધુના મોત થઈ ચુક્યા છે. ગુરુવારના દિવસે ૩૩ લોકોના મોત થયા હતા. મલેરિયાની સારવારમાં કામ આવતી દવા હાઈડ્રોક્સીક્લોરોક્વિનનો ઉપયોગ કોરોનાની સારવારમાં વધી રહ્યો છે. ભારત મોટાપાયે આ દવાનું નિર્માણ કરે છે જેથી તમામ દેશો ભારત સમક્ષ આ દવાની માંગ કરી રહ્યા છે. ભારતે હાઈડ્રોક્સીક્લોરોક્વિનના નિકાસ પર પ્રતિબંધ મુકી દીધો હતો પરંતુ મોડેથી આ પ્રતિબંધને ઉઠાવી લેવાયો હતો. નિકાસ બાદ ભારતની પાસે જરૂરી પ્રમાણમાં આ દવાનો પુરવઠો રહેશે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં લવ અગ્રવાલે કહ્યું હતું કે, ભારત માટે અનેકગણો જથ્થો રહેલો છે. ભારતને આશરે એક કરોડ ટેબ્લેટની જરૂર રહેશે. આ જરૂર એક સપ્તાહ માટેની રહેશે જ્યારે અમારી પાસે ૩.૨ કરોડ ટેબ્લેટ રહેલી છે. સ્થાનિક ઉપયોગ માટે એટલે કે, હાલની જરૂર મુજબ ત્રણગણી ટેબ્લેટ રહેલી છે. જો મહિનાના છેલ્લા દિવસ સુધીની વાત કરવામાં આવે તો ભારતને ૧.૬ કરોડ ટેબ્લેટની જરૂર પડશે. ઉપરાંત બેથી ત્રણ કરોડ વધારાના પુરવઠાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. અગ્રવાલે કહ્યું હતું કે, લોજિસ્ટિક પરિસ્થિતિઓના પરિણામ સ્વરુપે શરૂઆતમાં એન-૯૫ માસ્કની પરેશાની થઈ હતી પરંતુ રાજ્યોને પુરતી સંખ્યામાં માસ્ક મોકલી દેવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, નવ લાખ માસ્ક રાજ્યોની પાસે ઉપલબ્ધ હતા. બે મહિનામાં રાજ્યોને વધારાના ૨૦ લાખ માસ્ક ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. માસ્કની કોઈ કમી નથી. આવી જ રીતે રાજ્યોને પુરતા પ્રમાણમાં પીપીઈ મોકલવા માટે પગલા લેવાઈ રહ્યા છે. હાલમાં દેશમાં પીપીઈના ૩૯ મેન્યુફેક્ચરર ઉપલબ્ધ છે. ૪૯૦૦૦ વેન્ટીલેટરના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે જે આગામી દિવસોમાં આવી જશે. આરોગ્ય મંત્રાલય તરફથી આ પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું કે, ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર થઈ ચુક્યું છે. રાજ્યોને કોરોના સામે લડવા આ પેકેજ અપાયું છે. આનાથી રાજ્યો હોસ્પિટલ બનાવવાથી લઈને ટેસ્ટિંગ સુવિધા વધારી શકશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયમાં સંયુક્ત સચિવ પુણ્ય સલીલા શ્રીવાસ્તવે કહ્યું હતું કે, ૩૭૯૭૮ રાહત કેમ્પો મારફતે ૧૪.૩ લાખ પ્રવાસી મજુરોને આશ્રય અપાયો છે.

### ભારે હાહાકાર...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. જેના કારણે તમામ ચિંતાતુર છે. તેને અંકુશમાં લેવા માટે સફળતા મળી રહી નથી. ભારતમાં કોરોનાના કારણે સૌથી વધારે પ્રભાવિત રાજ્યોમાં મહારાષ્ટ્ર, દિલ્હી, તમિળનાડ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોનો સમાવેશ થાય છે.કેસોની સંખ્યામાં ઝડપી વધારો દેશમાં હાલમાં ચાલી રહેલા ૨૧ દિવસના લોકડાઉનના ગાળા વચ્ચે પણ થઈ રહ્યો છે. જે ખતરનાક સ્થિતીનો સંકેત આપે છે. આ સપ્તાહ નિર્ણાયક થઈ શકે છે તેવી વાત આવી રહી છે. કોરોના વાયરસે ૩૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સકંજામાં લઈ લીધા છે. સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. ભારત સરકાર તમામ રીતે લોકોને સુરક્ષિત રાખવા માટે માર્ગદર્શિકા વારંવાર જારી કરી રહી છે. તમામ રાજ્યોમાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા વધી ગઈ છે. સરેરાશ ૫૦૦થી વધુ કેસો છેલ્લા કેટલાક દિવસમાં નોંધાયા છે. દર્શાવે છે કે કોરોના વાયરસ કેટલી ઝડપથી ભારતમાં પણ પગ પેસારો કરી રહ્યો છે. કેટલાક હોટ સ્પોટ કેન્દ્રો પણ જાહેર કરવામાં આવ્યા છે. યુદ્ધના ધોરણે તમામ પગલા દેશમાં લેવામાં આવી રહ્યા છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. દેશના તમામ રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત ભારતમાં કોરોનાના વધતા કેસો વચ્ચે તકેદારી સતત વધી રહી છે. તમિળનાડુ, તેલંગણા, કેરળમા પણ કોરોનાના કારણે કેસોની સંખ્યા અનેક ગણી વધી રહી છે. મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો દિલ્હીમાં તબલીગી જમાતના કાર્યક્રમમાં પહોંચેલા લોકોના કારણે કેસોની સંખ્યામાં વધારો થયો છે. કારણ કે અહીં મોટી સંખ્યામાં કેસો મળી ચુક્યા છે. હવે દેશના જુદા જુદા ભાગોમાં અહીં હાજરી આપીને પહોંચેલા લોકોને શોધી કાઢવામાં આવ્યા છે. તેમને સારવાર આપવામાં આવી રહી છે. દિલ્હી, રાજસ્થાન, તેલંગાણામાં પણ આંકડો વધ્યો છે. ભારતમાં ખતરનાક વાયરસના કારણે કેસોની સંખ્યા વધી રહી છે. માનવામાં આવે છે કે તબલીગી જમાતના કારણે આવનાર દિવસોમાં દિલ્હીની સાથે સાથે દેશના અન્ય ભાગોમાં કોરોનાના કેસોમાં વધારો થઈ શકે છે. મહારાષ્ટ્રમાં પણ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થયો છે.દેશના જુદા જુદા ભાગોમાં કોરોના કેસોની વાત કરવામાં આવે તો સંખ્યા સતત વધી રહી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે હાલત ખરાબ છે.